॥ શ્રી ગણેશાય નમઃ ॥

કનક-લતા

નાટકનાં ગાયનો.

શ્રી દેશી નાટક પ્રકાશ.

પ્રસિદ્ધ કરનાર,

શાહ લલ્લુભાઇ શામળદાસ.

આવૃતી પહેલી. પ્રત ૨૦૦૦.

કીંમત બે આના.

શ્રી.

કનક-લતા નાટકનાં ગાયનો.

શ્રી દેશી નાટક પ્રકાશ માટે.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શાહ. લલ્લુભાઇ શામળદાસ.

આવૃત્તિ પેહેલી. પ્રત ૨૦૦૦

અમદાવાદ.

શ્રી જઇન વિદ્યા વિજય પ્રીન્ટીંગ પ્રેસમાં
શા. ચુનીલાલ અમથાશાએ છાપ્યાં.
ઠે. રીચીરોડ-ફતાસાની પોળ.

સવંત. ૧૯૬૬ સને ૧૯૧૦

કિમ્મત બે આના.

श्री

કનક-લતા નાટકનો ટુંક સાર.

અંક પહેલો.

મંગળાચરણ.

પ્ર૦ ૧—ચંપાપુરીના મહારાજા ઊદયસિંહની રાણી નિંદ્રાવશ હોવાથી સ્વપ્નામાંથી જાગ્રત થતાં પોતાના પતિને આવવાનો ભાસ થતાં દાસી પ્રત્યે પતીવ્રત વિષે સંવાદ, કચેરીમાંથી રાજાનું આવવું, રાણીનો આનંદ, પતિપત્નીનો પરસ્પર પ્રેમ, રાજાનું શીકારે જવું.

પ્ર૦ ૨—નટવર તથા મોહનનું આવવું, નટવરને મોહનનું પૈસાનું પાણી કરવા દુરાચરણે દોરાવવું, પનઘટ ઊપર ફરવા જવા બન્નેનો વીચાર.

પ્ર૦ ૩—ધરડા ધણીથી કંટાળેલી રધાશાની સ્ત્રી કેસરનું પાણી ભરવા આવવું, બીજી પનીયારી સાથે પોતાના પતિ વિષે બળાપો, નટવર મોહનનું આવવું, કેસર તથા નટવરના પ્રેમની શરૂઆત. પાછળથી સદાચરણી શાન્તીલાલનું આવવું, નટવરને દુરાચારી જોઇ શાન્તીલાલે શીખામણ દેવી, નટવર શાન્તીલાલની શીખામણ ન માનતાં શાન્તીલાલનું અપમાન.

પ્ર૦ ૪—ઉદયસિંહનું જંગલમાં શીકારે આવવું, જંગલમાં શીકારની પાછળ પ્રધાન તથા સેનાપતિથી છુટા પડવું, શીકાર હાથ ન લાગવાથી સુર્યની ઉશ્નતાથી શ્રમીત થઇ એક વૃક્ષ નીચે ની-

દ્રાવશ થવું, ચોરોનુ આવવું, ઉદયસિંહને મારી લુંટી લેવા વિચાર, કનકનું આવવું, ચોરોનુ ઉદયસિંહને મારવા જતા કનક એકદમ બુમ પાડી ચોરોની સામા થવું, પાછળ રહેલા ઉદયસિંહને ખોળતા પ્રધાન તથા સેનાપતિનું આવવું, રાજાનું જાગ્રત થવું, ચોરોનું નાશી જવું, કનકસિંહના કરેલા ઉપકારના બદલામાં રાજાએ વચન આપવું, કનકસિંહને સુર્યસિંહની તહેનાતમાં રાખી રાજાએ આપેલા વચનને સમયાનુસાર પાળવા વિચાર, પ્રભુપ્રાર્થના કરી સર્વેનું વિદાય થવું.

પ્ર૦ ૫—રઘાશાનું ઘર, કેસરનું નટવરની વાટ જોઇ બેસવું એટલામાં રઘાશા આવી કેસરથી કંટાળી વૃદ્ધાવસ્થામાં તરૂણ સ્ત્રી કરવાથી થતો પશ્ચાતાપ, કેસર સ્ત્રીચરીત્ર બતાવી રઘાને કૃતીમ હાવભાવ બતાવી વીદાય કરવો, નટવરનું આવવું, કેસરને દરમાસે સો રૂપીયા આપવા નટવરનો નિશ્ચય, કેસરનો હાવભાવ.

પ્ર૦ ૬—કનકનું ઉદયસિંહના બગીચામાં ફરવા આવવું, ઉદયસિંહની રજા લઇ પોતાના જન્મપીતાની શોધ માટે જવા તર્કવિતર્ક કરવા. લતાનું સખીઓ સાથે આવવું કનક છુપી રીતે લતાની ચરચા જેવા બગીચામાં ફરવું લતા પોતાની સખીઓ સાથે ગરબો ગાઇ કનકસિંહના પ્રેમપાસમાં સપડાવાથી કનકને જોઇ સખીઓને વીદાય કરે છે. કનકને ન જોવાથી બગીચામાં ખોળવા જતાં સર્પના ભયથી બેભાન થઇ પડે છે. છુપી રીતે રહેલા કનકસિંહ એકદમ આવી તલવારથી સર્પને મારી લતાને સાવધ કરે છે. લતા એ કનકના કરેલા ઉપકારથી પ્રેમમાં લીન થઇ કનક સાથે હાસ્ય વીનોદ કનક લતાની રજા લઇ

ફરીથી મળવા વચન આપી જાય છે. બીજી બાજુથી લાગ જોઇ ગુમાનસિંહ લતા ઉપર બદદાનતથી પ્રેમની માગણી કરવી. લતા ગુમાનસિંહને ધીક્કારી ચાલીજાય છે ગુમાનસિંહનો અપમાનનો બદલો લેવા વીચાર.

પ્ર૦ ૭—લીલાં પોતાની સખી પ્રત્યે ગુમાનસિંહના મ્હેમાં મોહાન્ધ બની વાત ચીત લીલાંનો ગુમાનસિંહ ઉપર અપુર્વ પ્રેમ જોઇ લતા પાસે પ્રેમની માગણી કરવાથી અપમાન પામેલા જાહેર કરે છે. લીલાં તેનું કહેવું સાચુ ન માનતાં ગુમાનસિંહને મુળવા જવા વીચાર.

પ્ર૦ ૮—મોકમનો નટવર વીષે પ્રશ્ચાતાપ નટવર આવી મોકમ પાસે પાંચસો રૂપીયાની માગણી કરવી. મોકમે નટવરને શીખામણ દેવી નટવરનો બે પરવાઇ જવાબ. મોકમ ગુસ્સે થઇ નટવરને ધીક્કારી ઘરમાંથી કાઢી મુકે છે.

પ્ર૦ ૯—રાણી પોતાની પુત્રી લતાના લગન સંબધી વીચારમાં બેઠી છે. રાજાનું આવવું. લતાના લગ્ન વીષે વાત ચીત લતાનું આવવું. સુર્યના ભયથી કનકસિંહે બચાવી તમામ હકીકત જાહેર કરવી. ઉદયસિંહે કનકના વખાણ કરી આપેલા વચન વીષે વીચાર કરી જાય છે લતા તથા સખીઓની ઠઠ્ઠા મશકરી.

પ્ર૦ ૧૦—ગુમાનસીંહ લતાના મ્હેમાં દીવાનો બની બનતા પ્રયત્ને લતાને સ્વાધીન લેવા વીચાર ગુમાનસિંહના પ્રેમમા કામાન્ધ બની મળવા આવે છે. ગુમાનસિંહ લીલાંનો પ્રેમ ન સ્વીકારતાં લીલાં નીરાશ થઇ ગુમાનસિંહને ફરીથી મળવા નીશ્ચય કરી જાયછે.

પ્ર૦ ૧૧—રધાશાનું ઘર કેશર પોતાના યાર જાફર સાથે પ્રેમમાં ગુંથા- એલી જાફર સાથે વાત ચીત કરે છે એટલામાં નટવરનું આ- વવું તેથી જાફર કેશરને પોતાને સંતાઇ જવા માટે કાલાવાલા કરે છે તેથી જાફરને કોચની નીચે સંતાડે છે નટવર આવી કેશરને દાગીના આપે છે ને નટવર કોચનાં વખાણ કરે છે યુક્તીથી કોચની નીચેથી જાફરને વીદાય કરવો.

પ્ર૦ ૧૨—ગુમાનસિંહ, અધમસિંહ આવી તારાને મેળવવા વીશે વીચાર કરે છે એટલામાં સુર્યસિંહ આવી છુપી રીતે સાંભ- ળે છે અધમસિંહની નજર સુર્યસિંહ ઉપર પડતાં અધમસિંહ નાસી જાય છે અને ગુમાનસિંહને સુર્યસિંહ ઠપકો આપે છે ઠાર કરવા જાય છે અજાયબી.

અંક બીજો.

પ્ર૦ ૧—સિદ્ધનાથના દેવમાં તારા સખીયોની સાથે શીવપુજન કરવા આવે છે પ્રેમઘેલી તારા સખીયોની સાથે સ્વપ્નાની વાતચીત સાહેલીઓનું તારાને બનાવવું, તારા ચંદ્રના મહમાં.

પ્ર૦ ૨—લીલા ગુમાનસિંહના વીરહમાં, ગુમાનસિંહના કૃત વીશે બળાપો કરે છે એટલામાં ગુમાનસિંહના આવવાથી લીલાનું ખુશી થવું, ગુમાનસિંહ લીલાને ફોસલાવીને તારાને ફસાવવા કહે છે સદગુણી લીલા તે વીશે ગુમાનસિંહને સમજાવે છે, અને તેમ વર્તવા ના પાડે છે તેથી ગુમાનસિંહ ગુસ્સે થઇ લીલાને ધમકી આપી ચાલ્યો જાય છે.

પ્ર૦ ૩—ચંદ્ર તારાના વિચારમાં લીન છે એટલામાં સુંદરસિંહ આવી ચંદ્રનો તમામ વીચાર સમજી લઇ ચંદ્રને બનાવે છે, ચંદ્રસિંહને કચેરીમાંથી બોલાવવા આવે છે, ચંદ્રસિંહને સુંદરસિંહને વીદાય કરે છે.

પ્ર૦ ૪—ઉદયસિંહનો દરબાર ચંદ્રસિંહે કરેલા ઉપકારોનો બદલો તથા તેના પરાક્રમ જોઇ તારાની સાથે પરણાવવાનો વીચાર કરવા તર્કા આગળ રાજગોરને બોલાવી લગ્નનો નિશ્ચય મુકરર કરવો ને ચંદ્રસિંહને પોતાની તહેનાતમાં રાખવો, કંચનીઓનો નાચ તથા ગુમાનસિંહનો ગુસ્સો.

પ્ર૦ ૫—ગુમાનસિંહ પોતાની આશા ભંગ થવાથી હવે શું કરવું તેનો વિચાર કરી અધમસિંહને પુછી રાજ્યમાં અદ્ધો ભાગ કરી રાજાને સુનો ઠાર કરવાનો નીશ્ચય કરે છે.

પ્ર૦ ૬—કેસર પોતાના યાર જાદુની સાથે નટવરને તથા સ્થાને દુધમાં ઝેર ભેળવી મારી નાંખવા નીશ્ચય કરે છે.

પ્ર૦ ૭—રાજા ઉદયસિંહને નિંદ્રાવશ જોઇ ત્યાં ગુમાનસિંહ તથા અધમસિંહ રાજાને ઠાર કરવા આવે છે. પાછળથી કનકસિંહ આવી ખંજર ખુંચવી લે છે એટલામાં ગરબડ થવાથી રાજા જાગી ઉઠે છે, ગુમાનસિંહ, કનકસિંહને માથે ખુનનો જુઠો આરોપ આપી પોતે નીર્દોષ બને છે. ઉદયસિંહ ગુમાનસિંહના ભંભેરવાથી કનકસિંહને દેશપાર કરે છે.

પ્ર૦ ૮—તારાને માઠું સ્વપ્નું આવવાથી એકદમ જાગી ઉઠે છે. માઠા સ્વપ્ના વિશે પશ્ચાતાપ કરે છે એટલામાં કનકસિંહનું છુપી રીતે આવવું થતા કનકો જવા ના પાડે છે કનકસિંહ

અને લો બનાવ કહી સંભળાવે છે તેથી તારા પણ કનકસિંહ સાથે છુપી નીકળી જાય છે.

પ્ર૦ ૯—લતાના લગ્ન સંબધી રાણી વીચારમાં ઉદયસિંહનું આવવું. રાણી પ્રત્યે ગુમાનસિંહે બજાવેલી ફરજ તથા કનકસિંહ વીષે જાહેર કરવું, ગુમાનસિંહ અચાનક આવી કનક લતાને નાશી જવાની ખબર આપવી. ઉદયસિંહ ગુસ્સે થઇ કનકની શોધ માટે જવા વીચાર રાજાને સમજાવી. ગુમાનસિંહ પોતે મનો ગાંઠના સફળ કરવા રાજાને સાથે ન લેતાં પોતે સીપાઇઓ સાથે જવું.

પ્ર૦ ૧૦—જંગલમાં કનકલતાનું આવવું. લતાને ત્રપા લાગવાથી કનકનું પાણીની શોધ માટે જવું. પાછળથી લતાની શોધ માટે આવવું. લતાને એકલી જોઇ કનકને દુરથી આવતો જોઇ સીપાઇયો સાથે લતાને તે પસાર કરવી. કનકનું આવવું. ગુમાનસિંહને જોઇ કનકનો ગુસ્સો. ગુમાનસિંહનું કનકની સાથે લડવું.

ટેબ્લો.

અંક ત્રીજો.

પ્ર૦ ૧—જંગલમાં સીપાઇયો સાથે લતાને આવતાં કનકના હાથથી છટકેલ ગુમાનસિંહ આવી સીપાઇયોને રજા આપે છે. લતાને એકલી પડવાથી ગુમાનસિંહનો લતા ઉપર બળાત્કાર. શીકારે નીકળેલો માંડલના રાજા લેહેરસિંહ આવી લતાને બચાવી પોતાને ત્યાં લઇ જાય છે. ગુમાનસિંહ લેહેરસિંહના હાથથી નાશી જાય છે.

પ્ર૦ ૨—ઉદયસિંહ તથા સુર્યસિંહ ન આવ્યો તેના વીચારમાં તેવા માં ગુમાનસિંહ આવી પ્રપંચ કરી લેહેરસિંહ ઉપર ચડાઈ કરવા ઉશ્કેરે છે ઉદયસીંહ લેહેરસીંહ ઉપર હુમલો કરવા નીકળે.

પ્ર૦ ૩—શાન્તીલાલનું આવવું. રઘાશાને પોતાની સ્ત્રી વીષે તર્ક વીતર્ક કરતો જોઈ.કેસરના દુર્ગુણોથી વાકેફ કરવો રઘો શાન્તી રઘો શાન્તીલાલનું સાચું ન માનતાં પ્રતક્ષ ખાત્રી કરવા ગામ જવાનું બહાનું કાઢી, શાન્તીલાલને સાથે રાખી ઘરમાં સંતાવું કેસર રઘાશાને ગયો ધારી પોતાના યાર જાફરને તેડી લાવે છે. તેવામાં નટવરનું આવવું જાફરનું ગભરાવું. જાફર ને સ્ત્રી વેશે સંતાડવો નટવરને ઘરમાં લાવવો. પ્રપંચથી નટવરને દુધમાં વીષ નાખી આપવું નટવર તે દુધ પીવા જતાં શાન્તીલાલ આવી અટકાવવો. રઘાશાનો ગુસ્સો. નટવરનો પ્રશ્ચાતાપ તથા વૈરાગ ઉત્પન્ન થવાથી યોગી થઈ ઇશ્વર ભક્તીમાં જન્મ ગાળવા વીચાર. જાફર તથા કેસર બેના નાક કાપી રઘાશાએ કાઢી મુકવા.

પ્ર૦ ૪—નટવરનું રસ્તામાં યોગી વેશે આવવું પોતાના કરેલા કૃત્યનો પ્રશ્ચાતાપ કરી તીર્થ કરવા જાય છે.

પ્ર૦ ૫—માંડલમાં લતા પાસે લેહેરસિંહ પ્રેમની માગણી કરે છે. લતા લેહેરસિંહનો પ્રેમ ન સ્વીકારવાથી લતાને કેદ કરવા જેલ ખાનામાં નાખવા હુકમ કરવો.

પ્ર૦ ૬—જંગલમાં નટવરનું આવવું. કનક તથા સુંદરસિંહ લતાની શોધ માટે આવવું. નટવર કનકને ઓળખી લતાને લેહેરસિંહે કેદ કરેલી જાહેર કરે છે. કનક તથા સુંદરસિંહનું માંડલ જવું.

પ્ર૦ ૭—માંડલના જેલખાનામાં લતાનો કનક વિશે બળાપો. સુંદર-

રસિંહ આવી સ્ત્રી વેષે જેલખાનામાં સીપાઈને પ્રપંચથી વીદાય કરી લતાને યેગી વેષે પસાર કરી જાય છે. જેલનું તુટેલું કીલાનો દેખાવ.

પ્રવે ૮—ઉદયસિંહ એકદમ ચઢી આવવાથી લેહેરસિંહનો સેનાપતિ લેહેરસિંહને ખબર આપે છે. લેહેરસિંહ દરવાજો બંધ કરી કીલ્લા ઉપરથી લડવા વીચાર કરે છે. ત્યરપાદ ઉદયસિંહ આવી કીલ્લો તોડી લશ્કર સાથે ગામમાં પ્રવેશ કરી લેહેરસિંહ સાથે લડે છે. ઉદયસિંહ લેહેરસિંહને લડાઇમાં પકડી જન્મ સજા કરે છે.

પ્રવે ૯—કનકલતા તથા સુંદરસિંહનું યોગીવેશે આવવું. કનકપુરના રાણા અભયસિંહ શીકારે આવે છે. યોગી વેશે કનક પાસે હથીઆર હોવાથી, રાજાને શક આવવાથી, કનકથી વાકેફ થવા ઇચ્છા વગાવવી, કનકનો બેપરવાઇ જવાબ, અભયસિંહ ગુસ્સે થઇ કનક સાથે લડવું, લડાઇમાં કનકના હાથનું માદળીયું પડી જવાથી અભયસિંહ માદળીયામાંથી કાગળ કાઢી વાંચતાં પોતા પુત્રનો મેળાપ, અભયસિંહ કનક વીગેરેને પોતાને ત્યાં લઇ જાય છે.

પ્રવે ૧૦—પુરૂષ વેષે ગુમાનસિંહની શોધ માટે નીકળેલી લીલા જંગલમાં આવે છે, ગુમાનસિંહનું આવવું, લીલાનું છુપી રીતે જાવું, ગુમાનસિંહનો રાજાને દગેથી ઠાર કરવા વીચાર, લતાની શોધ માટે નીકળેલ ઉદયસિંહ તથા સુર્યસિંહનું આવવું ગુમાનસિંહનો કૃતિમ હાવ ભાવ, લતાની શોધ માટે કનકપુર તરફ જાય છે, પાછળથી ગુમાનસિંહ તલવાર કાઢી ઉદયસિંહને

મારતાં લીલાં આવી બચાવે છે, ઉદયસિંહનો ગુસ્સો, લીલાએ ગુમાનસિંહના અપરાધ વીષે માફી માગવી, ગુમાનસિંહનો પ્રશ્ચાતાપ.

પ્ર૦ ૧૧—અભયસિંહનો દરબાર, લતાની શોધ માટે ઉદયસિંહ વીગેરેનું આવવું, પીતા પુત્રીનો મેળાપ, કનકસિંહે થએલા ગુન્હાની માફી માગી પોતાના જન્મ પીતા વીશે જાહેર કર્યું, કનક લતાનો તથા ગુમાનસિંહ તથા લીલાંનો હસ્ત મેળાપ છેવટના આનંદ.

મુખ્ય પાત્રોના નામ.

પુરૂષ વર્ગ.

ઉદયસિંહ............ચંપાપુરીનો રાજા.

સુર્યસિંહ............તેહેનો પ્રધાન.

કનક..................અભયસિંહનો પુત્ર.

ગુમાનસિંહ..........પ્રધાન પુત્ર.

સુંદરસિંહ...........કનકનો મીત્ર.

અધમસિંહ..........ગુમાનસિંહનો મિત્ર.

અભયસિંહ..........કનકપુરનો રાજા.

સેહેરસિંહ...........માંડલનો રાજા.

મોકમશા.............ચંપાપુરીનો નગરશેઠ.

નટવર................મોકમનો પુત્ર.

મોહન.................નટવરનો દુરાચાર મીત્ર.

શાન્તીલાલ..........નટવરનો સદાચર્ણી મીત્ર.

રૂપાશા................ચંપાપુરીનો ગૃહસ્થ.

ભાદર................કેસરનો આશક.

સ્ત્રી વર્ગ.

લતા ....ઉદયસિંહની પુત્રી.

લીલા...............સેનાપતિની પુત્રી.

કેસર...............રૂપાશાની સ્ત્રી.

રાણી-દાસ-દાસીઓ-ચોર-લશ્કર વિગેરે-

ॐ

શ્રી ગણેશાય નમઃ

કનક--લતા નાટકનાં ગાયનો.

અંક પહેલો.

મંગળાચરણ.

સૂત્રધાર— ૧

વંદુ શ્રી જગત્રાતા (૨)
પ્રણમી ચહું સુખ શાતા—વંદુ૦
અચળ અકળ તુંહી સ્વામી
અજર અમર બહુ નામી
અગુણ, સગુણ શુભ ધામી,
અતિ, ગતિ, મતિ, સુખદાતા—વંદુ૦

નટી— ૨

વહાલા વીભુને નમું (૨)
પ્રેમ ભકતી અરપો પ્રણમું—વહાલા
થાકે શેષ પ્રભુ તમ ગુણ ગણતાં
છે તુજ ગતિ અપા......ર—વ્હાલા૦
પુરષોતમ પરમાનંદ
નંદ નંદન આનંદ કંદ

સચરાચર મહીં સ્વછંદ
ભામે નહીં તુજને મતિ મંદ—પ્યારા૦

રાણી— ૩

હૃદય અતિ હરખાય પ્રિય તમ (૨)
તમ વીણ પલ એક જુગ સમજાય
સ્વા....મી આપ વિયોગ ન સ્હેવાય—પ્રીયતમ.
આપ દર્શનથી મૃદુવચનથી
રસીક નયનથી હાસ્યવદનથી
આનંદ અતિ ઉભરાય સ્વામી મારા—હૃદય.

ઉદયસીંહ—રાણી સ્તુતિઓનું શું એધાણ—પ્રીયતમ.
રાણી— વાણી વચન પરમાણ —પ્રીયતમ.
ઉદયસિંહ—વ્હાલી અતિ તુ મમ પ્રાણ—પ્રીયતમ.
રાણી— તમ થકી નથી હું અજાણ —પ્રીયતમ.
પ્યારા પતિ હું લાગુ પા....ય—પ્રીયતમ.

ઉદયસિંહ— ૪

જંગલ મહીં મંગલ નહીં ભાસે ભય અતિ
માટે તને સાથે લેવાને દીલ નથી—જંગલ
ખાન, પાન, મીષ્ટ મેવા ત્યાં ભર્યા નથી
મન મુઝાય, તન દુઃખાય, રોગ ગન્ધથી—જંગલ
વાઘ વરૂ ઝાડી ઘણા ઘાતકી પશુ
અરી ઉમંગ આવી સંગ ચામશો કશુ—જંગલ

નટવર-મોહન—   ૫

બસ મોજ ખુબ કરવી પરવા કોની નવ ધરવી

નટવર—વાહવાહ રૂપૈયા હજાર રહેશે ખીસ્સામાં તૈયાર

નહીં કોઇની દરકાર

મોહન—બંદા સાથે છે તૈયાર

નટવર—કેમ ખરૂ કે ન ભાઇ

મોહન—તેમાં સાની છે નવાઇ બંદા લાચાર લાચાર-બસ

નટવર—તને શાની છે ફીકર

મોહન—ભાઇ પાસે નથી જર

નટવર—તારા ખીસ્સા રાખું તર ત્યારે ખરો નટવર

ક્હી મરે મારો બાપ પછી રાજા છું હું આપ

નહીં કોઇનો સંતાપ

મોહન—બસ ખરો છે વિચાર-   બસ

કેસર—   ૬

રંગે રૂપાળી ઉમર બાળી નામે કેસર ભાળીયે

જોબનમાં..........મદમા....તી- રંગે

જોબનવેલી રહી ખીલેલી છું રસબેલી અલબેલી

છેલ છબીલી છબી ફાંકડી પતિ જોઇ દીલ બાળીયે-જોબન

સુવો એ મને નથી ગમતો કરગૃહી જેટીકા ભમતો

મને કામદેવ અતિ દમતો હાય કરૂં શું ઝુરી મરૂ હું

પેટ પાળી મારીયે—જોબન

કેસર— ૭

વ્હાલા પ્રીતિની પ્યાસી મુજ દીલમાં ઉદાસી
વિલાસી આ દાસી વિસારો ન સ્યામ
નટવર—અરે વાહરે રસીલી કર્યો ઘેલો છબીલી
અલબેલી દીલને શું ડુભાવો છો આમ
કેસર—મારા દિલના આરામ સોંપું તન મન તમામ
નટવર—હું છું તારો ગુલામ
કેસર—અરે વાહ વાહ વાહ, વાહ, વાહ, વાહ—વ્હાલા

શાન્તીલાલ ૮

અરે સમજ સમજ નાદાન જરા તુ
જો, જો મન વીચારીને [૨]
નટવર....અરે જાણી જાણી તારી શાણી શાણી વાંતો શાણી
મુક મીથ્યા છે ફલવારીને [૨)
શાન્તીલાલ—ધિક ધિક મતિ મંદ અતિ તારી છે
અંતે નરક નીદાન પરનારી છે
તનમન ચિત્તવીત હરનારી છે
નટવર—મન માની પ્રીયા પ્રાણથકી પ્યારી છે
મેં નિહાળી છે
શાન્તીલાલ—મતિ ઠાલી છે સમજ તું જરી સમજ તું જરી
નટવર—ન જાય વીસરી જે દીલમાં ઠરી—અરે સમજ

ચોર— ૯

અલ્યા શો કરવો વીચાર
આપણુ ઠીક મળ્યા છે ચાર
કરવો ચોરીનો વ્હેપાર એ છે ઠી....ક—અલ્યા
શોધી કાઢો કોઇ શીકાર કોઇ શેઠ શાહુકાર
કાંતો ફોડો રાજદ્વાર એ છે ઠી....ક—અલ્યા
પરભુ તારો છે આધાર તારી આગળ છે લાચાર
બીજા કોની ન દરકાર કે નહીં બી....ક—અલ્યા

ઉદયસિંહ— ૧૦

રહી છવાઇ વીશ્વમાંહી કળી ન જાય તે કૃપા ઇશની [૨]
કરે સહાય અરી પળાય સુખી થવાય તે—કૃપા
વિપત વખત ભક્તજનની કરી સહાય તે—કૃપા
કમળનયન શેષશયન જયજય અવીનાશી
જગત સકળ ભુતળમહી જે પ્રભુતા રહી પ્રકાશી
અકળ સકળ રમતગમત રહી છવાઇ તે—કૃપા

કેસર— ૧૧

પધારજો (૩) રસીકજી
ઘેલા મોહનજી તમ વીનાનો જીવ જાય
રહો—અરે રોમાં [૩] બાપુડી પ્રેમી પોપટડી
કેસર—મરે તો બુઢીયા ઠીક થાય; વારી જાઉરે મારા
શામજી હું તો દાસી છું વાલમા તમારી

કરો ન ન્યારી ગઈ છું હારી [૨]
રઘો—આવો રસીલી રંગીલી તને ગલે લગાવું પ્યારી [૨]
આહાહાહાહા આહાહાહાહા એ જાઉં છું
એ જાઉંછું એ જાઉંછું હવે જાઉંછું—પધારજો

નટવર— ૧૨

મુજ તનમન અતિ હરખાય
હરખાય મલકાય (૨) મુજ
મમ પ્રાણથકી પણ તું વ્હાલી (૨)
સુંદરી હસીને આવે તું ધસીને
ઉરમાં વસીને મને પ્રીતિરસ પાય મુજ
શસીવદની સુખસદની પ્યારી
તનમાં મનમાં હ્રદયમાં વસી તું
શાણી સુખખાણી શાને મનમાં મુઝાય-મુજ

કનક— ૧૩

ચમકતી ઠમકતી દમકતી
જેમ દામીની નભમાંથી આવે--ચમકતી
મૃગનયની વશકરણી એ માનુની
ભોળી ભામીની એ કામીની મુજ મન લોભાવે-ચમકતી
રૂમઝુમ ઠુમઠુમ પગ ધરતી વચનામૃત મુખ ઓચરતી
નયન અતિ તિક્ષણ સરથી ઘાયલ થઈ મુજ મન વરતી
મમ ઉર વસી રહી હસી હસી હસી એ કામીની
એ ભામીની એ માનુની મુજ ચમકતી

લતા— ૧૪

જોજો શોભા મુજ આલી (૨)
વીંટાણી વૃક્ષે વેલી આ (૨)
ચાલો જોઇયે આગળ ચાલી જોજો
જાઇ જુઇ ચંપો ચંબેલી (૨)
ઠામ ઠામ ગુલબા....સ
ગુલાબને ગુલછડી મોગરો
લાગે પ્રિયા મન અતિ સુવાસ જોજો

લતા તથા સખીઓ— ૧૫

ગરબો.

સજનીઓ અલબેલી સહુ ભેળી આવો આવો
રંગભરી ગાવો ગાવો મન ભાવો
જુવોને ખીલી રજની શી શરદની રળીઆમણી—સજની
રસીયા વીના તે સર્વ સુખ છે નકામનું
હર્ષપર્શ થાય ક્યારે મનમાન્યા સ્વામનું
સુખદધિ ઝીલે પ્રીતમની સંગેરંગે કામની—સજની
સાખી—પ્રીતી ચંદ્ર ચકોરની ચુકે નહીં પલવાર
હુતાસન પીછે નહીં સુખે ગૃહે અંગાર
વીરહે ઘેલી બની સખી પ્રીતમ વીના કોને કહે
નેહ અતિ કેમ સહે જઈ કોની સંગ રહે
અંગમાં અતિ અનંગથી પીડાય સખી ભામની-સજની

સાખી—જોબનના અંકુર તે ઢાંકયા નવ ઢંકાય
પીયુ પીયુ કરતી પ્રમદા આકુળ વ્યાકુળ થાય
સખી ચીતમાં ચટપટી થાય કામ અંગ શોભે છે
વ્હારા પતિને મળવા મન મુજનું લોભે છે
સખી દીસે નહીં દીનરાત વીરહી જનનેરે
મળે મનમાન્યો ભરથાર શાન્ત થાય તનનેરે
જુવોને ખીલી રજની શી શરદની રળીઆમણી—સજની

લતા— ૧૬

તનમન મારૂ અતિ અકળાય
પ્રીતમની સંગે રહી પ્રીતિરસ પામવા—તનમન
રસીયા વિનાની ક્ષણ જુગ સમ જાયે
જુગસમ જાયે સખી જુગસમ જાયે.
અંગમાં અનંગ અતિ વ્યાપે રોમરોમમાં—તનમન
સાખી—પ્રીત સુધારસ ચાખવા અતિ વ્યાકુળ મન થાય
રસીયાથી રસબસ થતાં આનંદ અંગ ન માય
મદન પીડા તે જેહને પીડે તે જાણે (૩)
વીલા વીણ જાણે કે સમજે શું પય છાશમાં—તનમન

કનક— ૧૭

વાણી મધુરી તારી લાગે અતિ પ્યારી પ્યારી
લતા—ન વીસારો ન વીસારો
પ્રાણપ્યારા મારા પ્રાણપ્યારા મારા

કનક—શાણી બાળા મુકી કાલા ચાળા તારા—વાણી
લતા—પ્રેમપાસથી મુજને બાંધી જીવનહારા પ્રાણપ્યારા
કનક—જાવા દે હમણાં બાળા સમજ્યો હું મતલબ તારા
તે પણ છે મનમાં મારા.... વાણી

લતા— ૧૮

ધીક ધીક મતી તારી ગમાર
અવીચારી દુરાચારી ધીક ધીક વ્યભીચારી
નફ્ટ હરામી જરા વીચાર વીચાર-ધીક
ખર સમાન શું ગર્વ ધરતો
સ્વાન સરીખો ભસ ભસ કરો
ધીક તુંજ કામ, નીમકહરામ, ઓ બદનામ
બની બે ફામ કરકર ધ્યાન—ધીક

ગુમાનસિંહ— ૧૯

બાંધ્યું મુજથી વેર જોજે હવે મુજ પેર
ઝટકી પટકીશ તુંજને વરતાવીસ કાળો કેર—બાંધ્યું
અપમાન કર્યું તેં મારૂં તે કદી નહીં વીસારૂ
ગુમાની લતા જોજે હવે જીંદગી કરૂં તુજ ઝેર—બાંધ્યું

લીલા— ૨૦

પડી હું પ્રેમ પાશમાં મુજ મન મુઝાયરે
મન મુઝાયરે સખી મમ તન દુભાયરે....રે-હાં-પડી
વ્હાલાતણો વિયોગ મુજથી નવ ખમાયરે

પ્યારા પતિ વીના સખી નહીં નહીં રહેવાયરે
રસીયાની સંગ રંગ તે કયારે રમાયરે રે હું–પડી

સાખી—પ્રિયતમ પ્રિયતમ હું જપુ કરી મન મોતીની માળ
અતિ ઉમંગે વધાવવા ભરી પ્રેમ પુષ્પની થાળ
આ અબળા નીરાધારનાં આધાર કયાં અરે (૨]
પડી.

લીલાં— ૨૧

જે દીનથી તમે પ્રીત લગાડી તે દીનથી દુખયારી છું. જે.
નયન કટારી મારી મુજને શાન ભાન ગઈ હારી હું. જે.
તમ દરશનથી આનંદ થાવું હૃદય અતિ હરખાવું.
દીલથી દૂર કરો નહી પ્રીયતમ નાથ વિના નોંધારી છું. જે.

મોકમ— ૨૨

જાજા જાજા મુરખ અભીમાની
મારા ઘરમાંથી દુર થા

નટવર—વાહવા વાહવા --જાજા.
મોકમ--જાજા જા કામી
નટવર--સમજણમાં છે ખામી
મોકમ—ઘડપણમાં દુખ દેમા રૂપીયા માગે શેના
નટવર—ગોઠે તેમ કરીને બુઢા રૂપીયા તો બસ લાવો
તીજોરી તોડી ફોડી જાઓ ઘરમાંથી લે આવો.
મોકમ—હજાર રૂપીયા

નટવર—બસ બસ બસ

મોકમ—હે બે પાહાણા ખસ ખસ ખસ —જા.

સખીઓ— ૨૩

સખી શાને તું શાને તુઅમુઝાય શાન્તીધરજેરે [૨]

લતા—પીતાજી વધા જે વાણી

સખી—હા હા જાણી વાતો જાણી

લતા—સખી હું તો છું અજાણી

સખી—વાહવા લતા બેન શાણી શાણી થાય-શાન્તી

પ્યારા પ્રીતમનો વ્હાલા વાલમનો

અરસપરસ કર સહાય

હાંહાં અરસપરસ કર સહાય

લતા—સખીઓ શરમાવો ભરમાવો શું કામ

સખી—આવે ભરથારં ભેટે પ્રાણાધાર ત્યારે સુખ થાય-

શાન્તી

જાફર— ૨૪

આશક હુવા મેં તેરે જોબનપે

તેરે જોબનપે તેરે નાજુક બદનપે—આશક

પ્યાર બતા દે તીરછી અદાસેં [૨]

બોસાભી દે જાન તેરે ગાલનપે—આશક

ખાના ખીલા દે શરાબ પીલા દે

ફુલ ચદ્દરમેં મોજ લુટા દે [૨]—આશક

અંક બીજો.

લતા તથા સખીઓ-- ૨૫

ચાલો દરશન કરવા પ્રીત કરી
આ....નંદ ઉમંગે સકળ સુંદરી—ચાલો

સખી—ભોળા શંભુનાથને પ્રીતે લાગુ પાય
દરશન કરતાં તમતણું આનંદ અંગ ન માય.

લતા—શીવ માગું સહાયતા હું ફરગરી
મમ નાથને મળવા હર્ષ ધરી--ચાલો

સખીઓ-- ૨૬

અરે વાહરે સખી અજાણી બની
અજાણી બની અતિ શાણી બની
સુખેવરણી પ્યારાતણી ઘેલી બની ઘેલી બની-અરે

લતા—શાને સતાવો શાને બનાવો
સાચી થાશે વાણી સ્વપ્નાતણી
આરોપી વરમાળ હેતે હૈયાના હાર
વરૂ પ્રેમે ભરથાર કરૂ મનમાન્યો પ્યાર

સખી—હું તો પરણીએ ઉઠી તમે જાઓ જાઓ
બીજી—તારો હાથ પકડીને કહેશે આવ આવ
ત્રીજી--પ્રેમ આલીંગન લઇ કરી હાવભાવ
સખી—વાહરે ચટપટ પરણી ચટપટ (૨)
પ્રીતેથી તાણી ઘુંઘટપટ (૨) હાહાહા

લતા— એમાં હસવું શાનુ સખી શાણી બની-અરે
એહ તો અજવાળી રાત
સખીઓ-ચમકે રજનિ નીશાં નાથ
લતા— મળશે સ્વપ્ને વરી જે નાથ
સખીઓ-સહાય કરશે શ્રી જગતાત
બતાવો સખી તમારા પતિ
લતા એની શાણી બની-અરે વાહરે

લીલાં— ૨૭

સમજી વહો શુભ શાણા અંતે દુખી થવાના (૨)
જે પરનારી વિષે લપટાણા સમજી
વ્યભીચારમાં જે નર પડીયા
હામ કહો તે શું કમાણાં સમજી
રાવણનાં દશ શીશ ગયાં જે
સીતા સતીને દુખ દેતાંમાં સમજી
દુર્યોધન શું સાર પામીયો
દ્રોપતીના ચીર તાણ્યાં સમજી

કનક— ૨૮

સુંદરી સલુણી મુજને શાને તું સતાવે
શાને તું સતાવે અતિ દીલને દુભાવે સુંદરી
નીરખી જે દીનથી તુજને ઘડી એક ચેન ન મુજને
કંઠે લપેટી મુજને હસીને હસા....વે સુંદરી

પ્રીતી મદીરા પાઇને મસ્ત કર્યો તેં નાર
અથડાતો અંતરવિષે પ્રેમગલી મોઝાર
મદન પીડા તે મુજને અતિશય ભમાવે સૂંદરી

દરબારીઓ— ૨૯

ધર્મરૂપ ભુપરાજ
ધન્ય ઉદયસિંહ મહારાજ ધર્મ
આનંદ આનંદ ઉર અપાર
આજ સકળપુર મોઝાર
શત્રુ દેખે પામી હાર
જામો જશ કીર્તી અપાર ધર્મ

બારોટ— ૩૦

હાથી દાંત કે ખીલોને બાત બાત કે હોત કાહો
બાઘકી બીઘંબર શીવશંકર મન ભાવેગી
મૃગહુકી મૃગછાલા ઓઢતે હે જોગી જતી
બકરીકી ખાલ કછુ પાની ભર લાવેગી
સાબર કે સાજ બાજ બાંધતે સીપાઇરાજ
ગેંડકી ઢાલ રાજા રાના મન ભાવેગી
કહે કવી કાશીદાસ સંગ ચલે નેકી બદી
આદમી કી ખાલ કછુ કામ નહીં આવેગી

ગુમાનસિંહ— ૩૧

બસ બસ રાખને કરી ઠાર રાજા હું બનું રે

સકળ સંપતિ પામુ સુખ અતિ સુંદરી લતા તણુંરે–બસબસ
ઇશકે જગદીશ સરખા ને કદી હું નવ ગણુરે–બસ બસ
કેસર– ૩૨
દુનીયામાં પૈસા તણો સહુ પ્યાર છે [૨]
પૈસો યાર છે પૈસો દીલદાર છે—દુનીયા
છે નટવર મુજ વર પૈસાનો જયાંસુધી જર છે ગાંઠે
ખીસ્સા ખાલી કરૂ મવાલી પછી પ્યાર છે અતિ સીર સાટે
મારીશ એને લાતે જોજે ભલી ભાતે–આ દુનીયા
લતા.— ૩૩
હવે શું કરૂ હું અરે જગતાત જાઓ સખીઓ લાવો
નાથ–હવે
સ્વપ્ન મહી હું પરણી ઉઠી પ્રીતમને મળવા ગઇ–દુકી
પ્રાણુનાથ રટતાં નથી ચુકી તોપણુ નાથ ગયા મને મુકી
મન અકળાય અતિ જાવો લાવો પ્રાણુપતિ
શોધી વળી નાથ ક્યાંએ નથી નથી નથી—હવે શું
લતા— ૩૪
મને મુકી જાશો નહીં અળગા થાશો નહીં
સાથે આવીશ હું નાથજી
તરછોડી મને નોધારી કરી ફરી
ક્યારે મળું હું મમ નાથજી–મને
મને એકલી મુકી અહીં જાશો નહીં પ્યારા પતિ
પ્રીય તમતણી આશા બણી હે સ્વામ શું આવી ગતિ

લેજો મને હે નાથ આપની સાથ રહેવા મુજ મતિ
મમ હૃદય જીવણહાર તમને કરગરી શું કહું અતિ
દીન દાસી જાણી દયા દીલમાં આણી
ને આપ સંગે લેશો મને નાથજી-મને

ઉદયસિંહ— ૩૫
ઓ નફ્ટ નીરલજ ફ્ટ ફ્ટ દુર મત
ધીક ધીક અવીચારીરે (૨)
લંપટ નીલજ બની ને બહુ મસ્ત
નીચ બની મતિ તારીરે (૨)-ઓ નફ્ટ
જાવું હું આકાળે શોધું હું પાતાળે
શુફાગીરી વન ઝાડીરે (૨)-ઓ નફ્ટ
સુરનું પુર બતાવું તને હવે
પકડી જકડી મારીરે-ઓ નફ્ટ

લતા— ૩૬
ઓ પ્રીતમ પ્યારા ઓચીંતી આવી પડી આપદાજી
કનક—મમ પ્રાણ પ્યારી સુખદુખ બે સરખાં જાણો સર્વદાજી
લતા—બ્હેરી વિધાતા થઇને લખીયું લેલાટમાંજી, જી,જી
સુખ સંપત તજી દુખ દધિને આપવા સંતાપવાજી-
ઓચીંતી.
કનક—જન્મ્યાં જે જગમાં સર્વે સુખદુખને ભોગવાજી જી જી
સમજી સંકટમાં હરી આરાધવા ધીર ધારવાજી-ઓચીંતી
ડ્રોપ.

અંક ત્રીજો.

ગુમાનસિંહ— ૩૭

હઠ છોડ તું પ્રીય મારી વદન વીશાળ રસાળ તું છે. હઠ
નયણ બાણુથી મુજને મારી પ્યારી તેં દીધા ઘા કારી.
મનહરણી વશ કરણી નારી ચંપક વરણી કામણુગારી—હઠ.
કામાગ્નિથી બાળી શાને શરમાવો પ્યારી
પા મુજને પ્રીતીવારી શામાં રંગે રમાડી
તન મન ધન પણ તુંજ પરવારી—હઠ

ઉદયસિંહ ૩૮

શત્રુને ઠાર કરૂ અસી ગ્રહી પરવરૂ
શુરવીર થઈ લડુ મુખ ગાજી—શત્રુ
ક્રોધજ્વાળા અતિ અંગમાં જળ હળે
જયારે શાન્તી વળે જીતું બાજી—શત્રુ
હસ્ત હથિયાર ગૃહી ઝુઝવું રણ મહી
રૂધીર સરીતા વહે હૃદય રાજી—શત્રુ

કેસર— ૩૯

આવો આવો પ્યારા મને શીદ સતાવો
નટવર–પ્રિય મમ પ્રાણુથકી અધીરી ન થાવો
જાફર—હેખો મેરી જાન કયસી બે ઇમાન
રંભા—વાહરે મારી રસીલી રંગીલી સતિ શીરોમણી વાહ
આવો.

કેસર--જોતી હતી વાટ
શાન્તીલાલ--જોજો હવે ઘાટ
જાફર--કયસી યહ બાત લેલું નાક કાટ
શાન્તીલાલ—(હવે જોજો એનું સત્ય)
રઘો—(બધી સાચી છે વિગત)
(માટે મુકો મેહેરબાન, એહના કાપુ નાક કાન)
નટવર—પ્રિયા બોલો હવે શી તમારી મરજી
કેસર—આનંદે રમો રંગે છે મારી અરજી
પ્યારા હવે હું છું તમારી રખે મને દેતા વિસારી
જાફર—જાતી હય જાન હમારી
રઘો—વાહરે મારી રસીલી રંગીલી સતિ શીરોમણીવાહ-આવો
નટવર— ૪૦
દીલ મારૂ થયું ચંગારે નીરમળ થઈ વૃતિ આ
જેમ સુરેસ્વરી ગંગા
પુન્ય ને દાન મેં તો સ્વપ્ને ન કીધાં ને
તિરથવૃત નાહાયો નથી ગંગા
પરનારીના ફંદે ફસીનેરે (૨) અઘટીત કીધા અતિ
દંગારે-નીરમળ
દ્રઢ વૈરાગ ધરીને કરૂ હરી સ્મરણુ
છોડી સંસાર સરવે ઢંગા
જીવન સફળ કરૂ તપ તિરથ જાવું નહાવું હવે ગંગારે
નીરમળ

સતા— ૪૧

હે પ્રાણુ મારા નાથ મારા
કેમ તમો એ વીસારી આ દારા—હે પ્રાણુ
વચન તમારાં દીલ દુખવે છે
શારે હશે પીઉ હાલ તમારા— હે પ્રાણુ
નાથ નમેરા જો જો થાતા
ઝુરી ઝુરી ઝુરીને મરીશ હું પ્યારા—હે પ્રાણુ
ધીરજ રહે નહી તમ વીણુ પીઉજી
નયન વહે મમ નીર ચોધારા— હે પ્રાણુ

નટવર— ૪૨

હાય દશા શી થઈ આ હરી
ધન્ય વિધાતા ગતિ તાહરી—હાય
માત તાત અળગાં કરી બાંધ્યો મેં અતિ પ્યાર
પુન્ય પાપ સમજ્યા વીના કર્યાં કર્મ મેં બાર-હાય
ખોટી પ્રીતિ દાખવી ભુલાવી શુધ બુધ
આપ્યું અતિ ભાવે કરી વીષ નાખીને દુધ-હાય
વીતી વિપતિ જેહને તે નર સમજે મંન
પરનારી જેણે તજી જીવતર તેહનુ ધન્ય—હાય

સુંદરસિંહ— ૪૩

કરમાં કંકણુ પગમાં નેપુર સાડી ચોળી પેહરીને
ભાભી રીઝાવા નારીને વેશે ત્યાં જાવું બની ઠનીને. કરમાં
લટક લટક ચટક ચટક ચાલથી ચાલીને બનીને
સુંભ્રુ કરીને હુન્નર જાવાને ધાર્યું મે કરમાં

લતા— ૪૪

ધીરજ ધારરે મન મારા

આવ્યા સુખ તજી દુખના વારા—હાં, હાં. હા ધીરજ

લખ્યા વિધિ એ તે લેખ લલાટે

પીઉ પ્રીત કરી સીર સાટે

મમનાથે મુકી તે માટે હાં, હાં, હાં, ધીરજ

મેં શુ તોડી સરોવર પાળ

પય પીતાં વછોડ્યાં બાળ

અઘ આવી નડ્યાં તતકાળ—હાં, હાં, હાં, ધીરજ.

વીભુ વીનતી ધરજો કાન

હું તો બાળા છું અજ્ઞાન

નથી મુજને સુધ કે શાન.—હાં, હાં, હાં ધીરજ

લશ્કર— ૪૫

ચાલો શસ્ત્ર સજ કરો હસ્તમાં અસીધરો

મારી કાપી દુશ્મનોથી નવ ડરો

શુર વીર થઇને જંગ કરો

ક્રુર પુર થઇને જઇ અડો

મારી તીર ધડથી સીર દુર દુર કરો—ચાલો

લીલા- ૪૬

જંગલ જંગલ જોતીને રોતી

આંખળાં હું નીર ભાગીજી

ગુફા ગીરીમાં બહુ બહુ જોયું

ક્યાંએ બાળ ન લાગીરે પીઉજી પ્યારાની—જંગલ
નાથ નમેરા થઇને ગયા મુજ
શામા રઝળતી મુકીજી
ચંદ્ર ચકોરીને ન ગણે પણ
તે કેમ જાશે ચુકીરે— પીઉજી
હું અબળા પણ પ્રબળા થઇને
નાથને મળવા આવીજી
નીરાશ્રીત નોધારી થઇ જે
ઉખીત પદારથ બાવીરે—પીઉજી

લીલાં— ૪૭

એક સમે રજની વીષે ગયો બાગ મોઝાર
બાળાને પીડ઼ ઘણું મનમાં નીચ વીચાર
શીયળવતી તે સુંદરી કહ્યું પાપી રહે દુર
બદલો તેહનો વાળવા થયો નીચ તે ક્રુર
નીરદોષી પરમારથી રહ્યો આપની પાસ
અદેખાઇ મન તેહને પુંઠે પડયો તે ખાસ
લાગ કાંઇ ફાવે નહીં કર્યો મન વીચાર
રાજપાટ સહુ હું કરૂ કરી રાયને ઠાર
એવું ધારી આવીયો હસ્ત ધરી હથીયાર
નીદ્રાવશ રાજા હતા નહીં શુધ શાન લગાર
ઠેર થઇને મારતાં ધસી આવ્યો ત્યાં ચંદ

ખંજર લીધુ ખુંચવી ખુબ કર્યો ત્યાં ફંદ
જાણી જોતાં રાયજી નાખીને નીશ્વાસ
જુઠુ આળ શીરે ધરી કઢાવીયો વનવાસ
દેશ પાર તેહને કર્યા હતો જે હીરા વેદ
તસ્કર કે શાહુ કોણુ છે પ્રીછયો નહી કાંઇ ભેદ
બાળપણુથી જેહને તનમનથી જે ચહાય
તેને તો વીખુટી કરી દાદ ન લીધી કાંય

ઉદયસિંહ— ૪૮

ધીક ધીક ધીક અતિ મતિ નીચ તારીરે
કપટ રચી કરી ગતિ આ શી મારીરે- ધીક
આજ સુધી મને ભુલમાં ભમાવ્યો
તજાવી સુધા પાયું મને વિષ વારીરે— ધીક
ક્રોધ હળાહળ પ્રગટે છે મુજને, મારી તને
ઠાર કરૂ હાથે અસ્ત્ર ધારીરે-- ધીક

સખા— ૪૯

જાઓ સઘળે કીર્તી તમારી શુરવીર અતિ નરવર છે
વાહ દીપે અતિ સુરીંદ્ર સમાન
તેજોમયતિ ધુરંધર ધીર
ગાદીજ સંભાળી સંકટ સહુ ટાળી
પ્રજા સકળ પામી સમ દ્રષ્ટી ભાળી
કસ્તુરી સમ કીર્તી પ્રસરે જગમાં અતિ હીતકારી-જાઓ

ખધા— ૫૦

થયો આજે આનંદ આનંદ અપાર
જય જગપતિ જય જગદાધાર— થયો
પ્રીતેથી નમી વિભુ ચીતે ચીતવીયે
આપો ગતિ મતિ અતિ જશ અપાર— થયો
શરણુંગતને દે સુખ શાતા હર્ષ ધરી શેવક ગુણ ગાતા
અંતરજામી શુભ ધામી વંદીયે વારંવાર— થયો

સમાપ્ત.

જાહેર ખબર.

બીજે ઠેકાણે ચેલેની ચોપડીઓ શ્રી દેશી નાટક સમાજની દુકાન જ્યાં હોય ત્યાંથી મંગાવી લેવી.

બેરંગ કાગળ સંઘરવામાં આવશે નહીં.

	રૂ.	આ.	પા.
સીતારામ નાટકનાં ગાયનો.	૦	૨	૦
શાલીવાહન નાટકનાં ગાયનો.	૦	૨	૦
ગુલસીરામ ભજા નાટકનાં ગાયનો	૦	૨	૦
શાન્તી કાન્તી નાટકનાં ગાયનો.	૦	૨	૦
રઘુવીર નાટકનાં ગાયનો.	૦	૨	૦

માલીક,

શા. લલ્લુભાઈ શામળદાસ.

અમદાવાદ.